**રાજકોટ ના મહે ૧૪ માં અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રે સાહેબ ની કોર્ટમાં**
**ફોજદારી કેસ નંબર : ૫૮૫૮૭/૨૦૨૧**
**આંક :**

**<u>ફરીયાદી:</u>** શ્રી સરકાર

**::: વિરૂધ્ધ :::**

**આરોપી:** પ્રવિણભાઈ ગાંડુભાઈ ટોયટા

**<u>ગુનો :- આઈ.પી.સી. ની કલમ ૨૬૯ તથા જી.પી.એકટની કલમ ૧૩૫</u>**

**<u>::: ચુકાદો :::</u>**

**૧)..** ફરીયાદપક્ષના કેસ ની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ હાલ નોવેલ કોરોના વાયરસને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝર ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય જેનો ફેલાવો અટકાવવા કેન્દ્ર સરકાર અને રાજય સરકાર તરફથી અનલોક જાહેર થયેલ હોય તેમજ પોલીસ કમિશ્નર સાહેબ રાજકોટનાઓએ શહેરમાં વધારે વ્યકિતઓએ એકઠા થવુ નહી તેવુ જાહેરનામું બહાર પાડેલ હોય તેમ છતાં આ કામના આરોપીઓએ બિનજવાબદારીપુર્વકનુ વર્તન કરી પોતાને ચેપ લાગવાની સંભાવના તથા ચેપ ફેલાવવાની સંભાવના હોવાનુ જાણતા હોવા છતાં ગુનો કર્યા બાબતનુ આઈ.પી.સી. ની કલમ ૨૬૯ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ નો ભંગ કરેલ છે.

**૨)..** આરોપી કોર્ટમાં હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે, આરોપીએ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાનુ જાહેર કરી પુરસીસ રજુ કરેલ છે. જે સંદર્ભ આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે. આરોપીનાઓની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોય, તે નહીં માનવા માટે કોઈ કારણ નથી, જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેમને સજા બાબતે પુછતાં જણાવેલ છે કે તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે. આમ ઉપરોકત તમામ સંજોગો ગુનાની હકિકત અને સજા જગોવાઈ જોતા ન્યાયના હિતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>::: હુકમ :::</u>**

આ કામના આરોપીને ક્રી. પ્રો.કો. કલમ ૨૫૨ મુજબ ઈ.પી.કો. કલમ ૨૬૯ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનાં ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને પ્રત્યેકને રૂા ૧૦૦/- પુરાનો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમના ભરે તો દિન - ૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ પાવતી મુજબનો મુદામાલ અત્રેની અદાલતમાં કોઈ વ્યકિતએ કલેઈમ કરેલ નથી. કલેઈમ કરનારની માલીકી સંબંધે ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ <u>૧૨</u> મી, માંહે : <u>માર્ચ</u>, સને : <u>૨૦૨૨</u> ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યા

સહી/-

**( પી. કે. રાય )**
૧૪માં અધિક ચીફ જયુડીશ્યલ મેજી, રાજકોટ
UIC GJ01112